ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ જિલ્લા પંચાયતમાં 'બલિદાન' આપનારા સભ્યને સંગઠનનો શિરપાવ!

પાળજ બેઠક પર પ્રદિપ પટેલે સભ્યપદેથી રાજીનામું આપતા જિલ્લા ઉપપ્રમુખ બનાવી નવાજાયા.

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૩

આણંદ જીલ્લા પંચાયતના રાજકારણમાં રોજેરોજ નવા વળાંક આવી રહ્યા છે. ચુંટણી દરમ્યાન હરિફ પક્ષના ઉમેદવારો સામે શામ, દામ, દંડ ભેદની નિતી રાખનાર ભાજપને રોજ નવી રણનિતી ઘડવી પડે તેવો ઘાટ જીલ્લા ભાજપનો છે. છતાં પ્રમુખ પદ સંપૂર્ણ પણે હસ્તગત કરવા હજી કપરા ચઢાણ હોવાનું માનવામાં આવી રહ્યું છે. તેમાંય ગત દિવસો દરમ્યાન જીલ્લા પંચાયતની પાળજ બેઠકના સભ્યએ રાજીનામું આપતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ રાજીનામું આપનાર સભ્યને તાબડતોબ જીલ્લા ભાજપમાં ઉપપ્રમુખ પદ આપતા અનેક તર્ક વિતર્કો શરૂ થઈ ગયા છે. જોવાનું એ રહેશે કે જીલ્લા પંચાયતમાં પ્રમુખની ખુરશી ટકાવી રાખવા ભાજપનો આ પ્લાન સી કેટલો કારગત નીવડે છે !

આણંદ જીલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ થયું ત્યારથી સૌ કોઈની નજર હાડગુડ બેઠક ઉપર હતી. કારણકે આ એસટી બેઠક ઉપરથી જે ઉમેદવાર વિજયી થાય એ પ્રમુખ બને તેમ હતું. છતાં આ બેઠક ઉપર ભાજપ ગોથું ખાઈ ગયું અને પરાજયનો સામનો

કરવો પડ્યો. ભાજપને કુલ 40 માંથી 33 બેઠકો મળી હોવા છતાં પ્રમુખ પદ મેળવવું કોષો દૂર હતુ. જેથી ભાજપ દ્વારા સારસાની સામાન્ય બેઠક ઉપરથી ઉમેદવારી કરેલ મયૂરીબેન પટેલને પ્રમુખની ચુંટણીમાં ઉતાર્યા હતા. પરંતુ તેઓ એસટી હોવાના પ્રમાણપત્રો રાજ્ય બહારના રજુ કરતા ચુંટણી અધિકારીએ ફોર્મ રદ્ કરી દીધું હતું. જેથી ભાજપ દ્વારા તાત્કાલિક હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરી ચુંટણી અધિકારીના હુકમ ઉપર સ્ટે મેળવી લીધો હતો. જેથી પ્રમુખની ચુંટણી ભાજપ - કોંગ્રેસ વચ્ચે થઈ હતી. જેમાં સ્પષ્ટ બહુમતને કારણે ભાજપના મયુરીબેન વિજયી બન્યા હતા. પરંતુ ત્યારબાદ જીલ્લા પંચાયતના પ્રમુખ મયુરીબેને હાઈકોર્ટની પિટીશન પરત ખેંચતા કોંગ્રેસ ગેલમાં આવી ગયું હતું.

આ રાજકીય વળાંકનું અર્થઘટન ભાજપ અને કોંગ્રેસ પોતપોતાની રીતે કરતા આવ્યા છે. જેના ભાગરૂપે ભાજપને પ્રમુખ પદ જતું રહેવાનો ડર હજી પણ સતાવી રહ્યો હોય એવું જોવા મળી રહ્યું છે. કારણકે તો જ નવા એસટી ઉમેદવારને ચુંટણી લડાવવા પાળજ બેઠક ખાલી કરાવી હોય. આ બેઠક ઉપર પ્રદિપ પટેલ પહેલેથી જ બિનહરીફ વિજેતા બન્યા હતા. આમ છતાં તેઓએ કોઈપણ અગમ્ય કારણોસર રાજીનામું આપી દીધું હોવાનું જાણવા મળે છે. જો કે જીલ્લા ભાજપ દ્વારા પ્રદિપ પટેલને તાત્કાલિક જીલ્લા સંગઠનમાં ઉપપ્રમુખની જવાબદારી સોંપી શિરપાવ આપ્યો છે.

રાજીનામામાં બતાવેલું કારણ પોકળ બન્યું

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક ઉપરથી પ્રદિપ પટેલે રાજીનામું આપ્યું હતું. જે અંગે જીલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે પ્રદિપ પટેલ હવે કાયમી ધોરણે વિદેશ સ્થાયી થવા માંગે છે. આ ઉપરાંત પાર્ટીની પણ પોલીસી એવી છે કે ચુંટાયેલા પ્રતિનિધીએ કાયમી અહીંયા રહેવું જોઈએ. બીજી તરફ ગતરોજ પ્રદિપ પટેલને આણંદ જીલ્લા ભાજપમાં ઉપપ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. તો પાળજ બેઠક ઉપરથી રાજીનામું આપવા પાછળનું મૂળ કારણ અનેક તર્ક વિતર્કો સર્જી રહ્યા છે !

ડિજિટલ મહાનગરપાલિકા | મોબાઈલ એપ અને બે હેલ્પલાઇન નંબર જાહેર

આણંદવાસીની સમસ્યાનો ઉકેલ ગણતરીના કલાકોમાં જ આવશે!

ફરિયાદ નોંધાતા જ વિગતો સીધી ફિલ્ડ સ્ટાફના મોબાઈલ પર પહોંચશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા ટેકનોલોજીના માધ્યમથી વહીવટી પ્રક્રિયાને વધુ પારદર્શક અને લોકાભિમુખ બનાવવા માટે એક મોટી છલાંગ લગાવવામાં આવી છે. શહેરીજનોની પાયાની સુવિધાઓ અંગેની ફરિયાદોના ત્વરિત અને અસરકારક નિરાકરણ માટે મનપાએ પોતાની ખાસ મોબાઈલ એપ્લિકેશન અને બે નવા હેલ્પલાઈન નંબરો કાર્યરત કર્યા છે. આ નવીન સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ અપાવી તેમના પ્રશ્નોનું ઘરબેઠાં નિરાકરણ લાવવાનો છે.

કરમસદ - આણંદ મનપામાં અગાઉ નગરજનોએ ફરિયાદ નોંધાવવા માટે રૂબરૂ મુલાકાત, ટેલિફોન કે ઈ-મેઈલ જેવા વિવિધ માધ્યમોનો સહારો લેવો પડતો હતો, જેમાં ઘણીવાર વહીવટી વિલંબ થતો હતો. હવે નવી વ્યવસ્થા હેઠળ, જેવી કોઈ નાગરિક પોતાની ફરિયાદ નોંધાવશે, તે સીધી જ ફિલ્ડમાં કાર્યરત સંબંધિત કર્મચારીના મોબાઈલ પર મોકલી દેવામાં આવશે. આ ફરિયાદનો કર્મચારીએ નિકાલ કરી તેની વિગતો એપમાં અપડેટ કરવાની રહેશે, જેની જાણ અરજદારને તુરંત જ એસએમએસ (SMS) દ્વારા કરવામાં આવશે. આ પ્રક્રિયાથી કર્મચારીઓની જવાબદારી પણ નક્કી થશે અને કામગીરીમાં ગતિશીલતા આવશે.

ઓફિસ સમય બાદ કોલ કરી શકાશે

કરમસદ - આણંદ મનપા દ્વારા નાગરિકોની સુવિધા માટે ૭૫૭૪૮ ૩૧૭૧૯, ૭૫૭૪૮ ૩૧૭૨૦ એમ બે મોબાઈલ નંબર જાહેર કરવામાં આવ્યા છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, હાલમાં આ નંબરો પર ઓફિસ સમય દરમિયાન ફરિયાદ નોંધી શકાશે, પરંતુ જો કોઈ નાગરિક ઓફિસ સમય બાદ ફોન કરશે, તો મનપા સામેથી તેમનો સંપર્ક કરી તેમની સમસ્યાઓની નોંધણી કરશે.

વાસદમાં બે નરાધમ શખ્સે સગીરા પર દૂષ્કર્મ ગુજાર્યું

વાસદ પોલીસે ઓરમાન ભાઈ સહિત બે શખ્સો સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

વાસદ પોલીસ મથકની હદમાં એક અત્યંત શરમજનક અને હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. માત્ર ૧૪ વર્ષની સગીરા પર તેના જ ઓરમાન ભાઈ અને અન્ય એક આધેડ શખ્સે અવારનવાર શારીરિક અત્યાચાર ગુજારી તેને ગર્ભવતી બનાવી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે વાસદ પોલીસે બંને નરાધમો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વાસદ પોલીસ મથકની હદમાં રહેતી એક સગીરા પર ગત ૨૦મી જૂન ૨૦૨૬ પહેલાં અલગ-અલગ સમયે અને સ્થળે બે શખ્સોએ તેની મરજી વિરુદ્ધ અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અમાનુષી કૃત્ય આચરનારા આરોપીઓમાં સગીરાનો પોતાનો જ ૩૪ વર્ષિય ઓરમાન ભાઈ અને વઘાસી ગામનો મનુભાઈ છોટાભાઈ સોલંકી (ઉ.વ. ૪૯, ધંધોઃ મજૂરી) સામેલ છે.

આ બંને નરાધમોએ સગીરાને પોતાની હવસનો શિકાર બનાવતા સગીરા ગર્ભવતી થઈ ગઈ હતી. આ ગંભીર મામલો સામે આવતા જ પરિવાર દ્વારા પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. વાસદ પોલીસે આ ઘટના અંગે ત્વરિત કાર્યવાહી કરતા બંને આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસે આ અત્યંત સંવેદનશીલ કેસમાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે.

બોરસદ પાલિકાની બોર્ડ બેઠક ગણતરીની મિનિટોમાં પૂર્ણ કરાતાં વિપક્ષનો હોબાળો

37 એજન્ડા મુદ્દાઓનો ચર્ચા કર્યા વિના કામો મંજૂર કરાયાનો વિપક્ષનો આક્ષેપ

(પ્રતિનિધિ) બોરસદ તા ૨૩

બોરસદ નગરપાલિકાની સામાન્ય સભા મંગળવારે પાલિકા પ્રમુખ પૂર્વિબેન પટેલ, ઉપપ્રમુખ સુરેશભાઈ પરમાર તથા ચીફ ઓફિસર વિરાજ શાહની ઉપસ્થિતિમાં મળી હતી. જોકે બેઠકની શરૂઆતમાં જ વિપક્ષ કાઉન્સિલરોનુ આક્રમક વલણ થતાં રાજકીય વાતાવરણ ગરમાયું હતું. એજન્ડામાં કુલ ૩૭ જેટલા કામો સમાવિષ્ટ હોવા છતાં બોર્ડ બેઠક માત્ર ગણતરીની મિનિટોમાં પૂર્ણ કરી દેવામાં આવતાં વિપક્ષે ઉગ્ર

વિરોધ નોંધાવ્યો હતો.

બેઠક દરમિયાન શાસક પક્ષ દ્વારા એજન્ડાના વિવિધ કામોને ફટાફટ મંજૂરી આપવામાં આવી હતી. વિપક્ષના કાઉન્સિલરોએ આક્ષેપ કર્યો હતો કે અનેક મુદ્દાઓનું વંચાણ કરવામાં આવ્યું નથી તેમજ દરેક કામ અંગે જરૂરી ચર્ચા અને અભિપ્રાય વ્યક્ત કરવાની તક પણ આપવામાં આવી નથી. જેથી સભાખંડમાં જ વિપક્ષ કાઉન્સિલરોએ ઉગ્ર રજૂઆત સાથે ભારે હોબાળો મચાવ્યો હતો.

વિરોધ પક્ષના સભ્યોએ જણાવ્યું હતું કે બોરસદ નગરપાલિકાની સામાન્ય સભા શહેરના વિકાસ અને જાહેર હિતના મહત્વના નિર્ણયો લેવા માટેનું સર્વોચ્ચ સ્થાન છે. તેથી દરેક એજન્ડા મુદ્દા પર વિગતવાર ચર્ચા, પ્રશ્નોત્તરી અને સભ્યોના સૂચનો બાદ જ નિર્ણય લેવો જોઈએ. પરંતુ આ પ્રક્રિયાનું પાલન કર્યા વિના તમામ કામો ઝડપથી મંજૂર કરી દેવામાં આવ્યા હોવાનો વિરોધ પક્ષે આક્ષેપ કર્યો હતો.

બહુમતીના આધારે કામોને મંજૂરી આપી

બોરસદ નગરપાલિકામાં સત્તાધારી પક્ષે એજન્ડાના તમામ કામોને બહુમતીના આધારે મંજૂરી આપી હતી. કામો મંજૂર થયા બાદ સત્તાધારી પક્ષના કાઉન્સિલરો બેઠકખંડમાંથી બહાર નીકળી ગયા હતા. જેથી વિરોધ પક્ષના સભ્યોએ પોતાની નારાજગી વ્યક્ત કરી હોબાળો મચાવ્યો હતો.અને બેઠકની કામગીરી સામે વાંધો ઉઠાવ્યો હતો.

બોચાસણ : એક્ઝિટ પોલનું સ્ટેટસ મુકતા ધમકી આપી

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૩

બોરસદ તાલુકાના બોચાસણ ગામમાં પંચાયતની ચૂંટણીના પરિણામો બાદ રાજકીય અદાવતનો કિસ્સો સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર એક્ઝિટ પોલનું સ્ટેટસ મૂકનાર ભાજપના સામાજિક કાર્યકરની આબરૂ ઉછાળી, તેમને અને તેમના પરિવારને મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ મામલે બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગામના જ ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

બોરસદના બોચાસણ ગામના લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતા અને ભાજપના સામાજિક કાર્યકર તરીકે સક્રિય કિરીટભાઈ પરમારે ચૂંટણીના પરિણામ પહેલાં પોતાના મોબાઈલ સ્ટેટસમાં 'ભાજપ એક્ઝિટ પોલ મુજબ ૩૩૫ મતથી વિજેતા થાય છે' તેવું લખાણ મૂક્યું હતું. જોકે, અંતિમ પરિણામમાં કોંગ્રેસના ઉમેદવાર વિજેતા જાહેર થતા ગામમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

આ સરઘસ દરમિયાન ગામના જ નગીન નટુભાઈ પરમાર, મનોજ સોમાભાઈ પરમાર, રાહુલ જશભાઈ પરમાર અને ઉમેશ દિનેશભાઈ પરમારે કિરીટભાઈના સ્ટેટસની ઝેરોક્ષ નકલો કરાવી, તેને ફાડીને જાહેરમાં હવામાં ઉછાળી હતી અને અશ્લીલ ઈશારા કર્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ પણ આરોપીઓએ કિરીટભાઈ અને તેમના પરિવારને જાહેરમાં બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાનું ચાલુ રાખ્યું હતું. આ ધમકીઓથી કંટાળીને કિરીટભાઈએ ઉપરોક્ત ચારેય ઈસમો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

પેટલાદમાં રેતીની લીઝના નામે વેપારી સાથે ૧૫ લાખની ઠગાઈ

ગંભીરાની લીઝમાં રોકાણ કરાવી ભાગીદારી ન આપી વિશ્વાસઘાત કરનાર વિજય શાહ સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) આણંદ, તા. ૨૩

પેટલાદ ટાઉન પોલીસ મથકે હૈદરાબાદના એક વેપારીએ સ્થાનિક શખ્સ વિરુદ્ધ રેતીની લીઝમાં ભાગીદારી આપવાના બહાને ૧૫ લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આ ગઠિયાએ ગંભીરા ખાતે આવેલી રેતીની લીઝમાં ભાગીદારી આપવા માટે રોકાણ કરાવી, કરાર ન કરી પૈસા ઓળવી લેતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



મળતી માહિતી મુજબ, હૈદરાબાદમાં બિલ્ડિંગ મટીરીયલ્સ અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા અંકિત સુરેશભાઈ યાદવે પેટલાદના વિજયભાઈ અરવિંદભાઈ શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અંકિતને તેમના વ્યવસાય માટે રેતીની જરૂર હોવાથી ૨૦૨૩માં તેમણે પેટલાદના વિજય શાહનો સંપર્ક કર્યો હતો. વિજય શાહે તેમને આણંદ જિલ્લાના ગંભીરા ખાતે પોતાની રેતીની લીઝ હોવાનું જણાવી તેમાં ભાગીદારીની ઓફર આપી હતી.

આ ભાગીદારી મેળવવા માટે અંકિતભાઈએ ૦૬ફ્રી, એપ્રિલ, ૨૦૨૩ના રોજ આરટીજીએસ મારફતે ૧૦ લાખ રૂપિયા વિજય શાહની કંપની 'વિજય ટ્રેડિંગ'ના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બાદ લીઝની જગ્યા પર સાફ-સફાઈ કરવાના બહાને આરોપીએ વધુ ૫ લાખ રૂપિયાનો ખર્ચ પણ ફરિયાદી પાસે કરાવ્યો હતો. આમ, કુલ ૧૫ લાખ રૂપિયા મેળવ્યા હોવા છતાં આરોપી વિજય શાહે ભાગીદારીના કરાર કરવામાં લાંબો સમય સુધી ગલ્લાતલ્લા કર્યાં હતાં. જ્યારે ફરિયાદીએ પૈસા પરત માંગ્યા ત્યારે આરોપીએ પૈસા આપવાની પણ ના પાડી દઈ વિશ્વાસઘાત કર્યો હતો. આ સમગ્ર મામલે પેટલાદ ટાઉન પોલીસે વિજયભાઈ અરવિંદભાઈ શાહ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાલજના બંધ મકાનમાંથી ૧.૬૩ લાખની મત્તાની ચોરી

તસ્કરો દાગીનાની સાથે અનાજ પણ ચોરી ગયા.

(પ્રતિનિધિ) ખંભાત, તા.૨૩

ખંભાત તાલુકાના રાલજ ગામે રહેતા એક વૃદ્ધ દંપતીના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના અને અનાજ મળી કુલ રૂપિયા 1,63,100 ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા છે.

ખંભાત તાલુકાના રાલજ ગામના બારોટવાળા ફળિયામાં રહેતા 76 વર્ષીય દશરથભાઈ ડાહ્યાભાઈ પટેલે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. ગત તારીખ 9મી મે 2026 ના રોજ દશરથભાઈ અને તેમના પત્ની વિમળાબેન સુરત ખાતે પોતાની દીકરીને મળવા ગયા હતા. ઘરની સલામતી માટે તેમણે મુખ્ય દરવાજાની ચાવી ઓસરીમાં આવેલા કબાટમાં કોઈને દેખાય નહીં તે રીતે છુપાવીને મૂકી હતી.

જ્યારે તેઓ 4 જૂન 2026 ના રોજ સુરતથી પરત આવ્યા ત્યારે ઘરમાં સામાન વેરવિખેર જોઈ ચોરી થઈ હોવાનું જણાયું હતું. તપાસ કરતા માલુમ પડ્યું કે તસ્કરોએ ઓસરીમાં છુપાવેલી ચાવી શોધી કાઢી મુખ્ય દરવાજો ખોલ્યો હતો અને ત્યારબાદ ઘરની અંદર તિજોરીના ગુપ્ત ખાનામાં રાખેલી ચાવી મેળવી તિજોરી ખોલી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી.

આ ઘટના મે મહિનામાં બની હોવા છતાં ફરિયાદ મોડી નોંધાવવા અંગે દશરથભાઈએ જણાવ્યું હતું કે, આસપાસના જ કોઈ શખ્સો પર શંકા હતી, જેથી તેઓ પોતાની રીતે તપાસ કરી રહ્યા હતા. પરંતુ કોઈ નક્કર વિગત ન મળતા અંતે તેમણે 22મી જૂન 2026 ના રોજ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

આણંદ કલેક્ટરની કેબિનમાં કેમેરા મુકવાના કેસમાં સસ્પેન્ડ થયાં હતાં

તત્કાલિન RAC કેતકી વ્યાસ પાસે ૩.૫૬ કરોડની અપ્રમાણસર મિલકત

નોકરીના ૧૧ વર્ષના સમયગાળામાં કાયદેસરની આવક કરતા ૬૮.૮૪% વધુ મિલકતો વસાવી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ભ્રષ્ટ સરકારી અધિકારીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત એસીબી દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આણંદના તત્કાલીન નિવાસી અધિક કલેક્ટર અને હાલ ફરજ મોકૂફી હેઠળ રહેલા ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ ના વરિષ્ઠ અધિકારી કેતકીબેન વ્યાસ વિરુદ્ધ 3,56,03,910 ની અપ્રમાણસર મિલકત વસાવવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

એસીબી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ મુજબ, કેતકીબેન વ્યાસે ૦૧લી એપ્રિલ, ૨૦૧૨થી ૩૧મી માર્ચ, ૨૦૨૩ સુધીના ૧૧ વર્ષના 'ચેક પીરીયડ' દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. આ સમયગાળામાં તેઓએ પોતાની કાયદેસરની આવકના સ્ત્રોતો કરતા ૬૮.૮૪% વધુ, એટલે કે અંદાજે સાડા ત્રણ કરોડથી વધુની અપ્રમાણસર મિલકતો ઈરાદાપૂર્વક ભેગી કરી હોવાનું જણાયું છે. આ નાણાંનું રોકાણ તેમણે પોતાના તથા પરિવારજનોના નામે સ્થાવર અને જંગમ મિલકતોમાં કર્યું હતું.

આ અંગે એ. કે. ચૌહાણ (પી.આઈ., એસીબી ફિલ્ડ-૧) દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસ અને ઉચ્ચ અધિકારીઓના સુપરવિઝન હેઠળ આ ગુનો અમદાવાદ એસીબી પોલીસ સ્ટેશનમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો છે. આ કેસની આગળની તપાસ અમદાવાદ એકમના મદદનીશ નિયામકના સુપરવિઝન હેઠળ ચલાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદના તત્કાલીન આરએસી કેતકીબહેન વ્યાસ, તત્કાલીન નાયબ મામલતદાર જે.ડી. પટેલ સહિતની ટોળકીએ કલેક્ટરને હની ટ્રેપમાં ફસાવવા સ્પાય કેમેરા મુક્યાં હતાં. જેના પગલે ફોજદારી કાર્યવાહી થઈ હતી.

'ગોલ્ડન ક્રાંતિ': લુણાવાડાની કાચી હળદર થકી બહેનો લખપતિ બની

કાચી હળદર વેચતી મહિલાઓએ પ્રોસેસિંગ યુનિટ સ્થાપીને ઉદ્યોગ સાહસિકતાનો નવો રાહ ચીંધ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૩

મહીસાગરના લુણાવાડા તાલુકાનું નાનકડું ગામ ચાવડીબાઈના મુવાડા આજે સમગ્ર જિલ્લા માટે આત્મનિર્ભરતાનું પ્રેરણારૂપ ઉદાહરણ બન્યું છે. એક સમયે ઘરનું ગુજરાન ચલાવવા માટે ગામથી દૂર જઈને છૂટક મજૂરી કરવા મજબૂર બનેલી આ મહિલાઓએ આજે 'ચાવડીબાઈના મુવાડા પ્રોડ્યુસર ગ્રુપ' દ્વારા હળદર પ્રોસેસિંગનો સફળ ગૃહ ઉદ્યોગ સ્થાપીને આર્થિક પછાતપણાને માત આપી છે.

લુણાવાડા તાલુકાનું નાનકડું ગામ ચાવડીબાઈના મુવાડામાં સફળતાનો મુખ્ય વળાંક ત્યારે આવ્યો જ્યારે માર્ચ-૨૦૨૪માં મિશન મંગલમ યોજના હેઠળ આ જૂથને ૨ લાખની સરકારી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. અગાઉ આ બહેનો ખેતરમાંથી

પ્રાપ્ત થતી કાચી હળદર સીધી જ બજારમાં સસ્તા ભાવે વેચી દેતી હતી, પરંતુ 'આત્મા' પ્રોજેક્ટની તાલીમ બાદ તેમણે

હળદરનું 'મૂલ્યવર્ધન' કરવાનું નક્કી કર્યું હતું.

હવે તેઓ હળદરને ધોઈ, બાફી અને સૂકવીને શુદ્ધ પાવડર બનાવી આકર્ષક પેકિંગમાં તેનું વેચાણ કરી રહી છે. આર્થિક ગણિત અને સામાજિક બદલાવ આર્થિક રીતે જોવા જઈએ તો, ૨૦ કિલો લીલી હળદરમાંથી ૪ કિલો શુદ્ધ પાવડર તૈયાર થાય છે, જે ૩૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે.

આ પ્રવૃત્તિથી બહેનોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. જૂથના સભ્યો ભાવનાબેન અને પ્રિયંકાબેન જણાવે છે કે હવે તેઓ આત્મવિશ્વાસ સાથે બેંકની લેવડ-દેવડ કરે છે અને બિયારણ કે ખાતર માટે અન્યો પર નિર્ભર રહેવું પડતું નથી. આ પ્રોજેક્ટથી માત્ર આર્થિક સદ્ધરતા જ નહીં, પરંતુ તેમના બાળકોના શિક્ષણ અને જીવનધોરણમાં પણ હકારાત્મક પરિવર્તન આવ્યું છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225